# વડાપ્રધાને સફાઈ કરી સ્વચ્છ ભારત અભિયાનનું નેતૃત્વ કર્યું

નવી દિલ્હી, તા. ૨

અમેરિકાની તેમની ખુબ જ હાઈપ્રોફાઈલ અને ઐતિહાસિક યાત્રાને પૂર્ણ કરીને ભારત પહોંચ્યાના કલાકો બાદ જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે સ્વચ્છ ભારત અભિયાનનુ નેતૃત્વ કર્યું હતું. મોદીએ પોતે દિલ્હીના વાલ્મીકિનગર અને અન્ય એક જગ્યાએ સફાઈ કર્મચારીઓ સાથે ઝાડુ હાથમાં પકડી હતી અને સાફ-સફાઈ કરી હતી. મોદીએ પોતે કચરો પણ ઉઠાવીને તમામ માટે દાખલો બેસાડ્યો હતો. મોદીની સાથે સ્કુલી બાળકો અને મોટી સંખ્યામાં સફાઈ કર્મચારીઓ પણ રહ્યા હતા. સ્વચ્છ ભારત અભ્યાન હવે આગળ વધશે. વાલ્મિકી નગરમાં પહોંચ્યા બાદ મોદીએ સ્કુલી બાળકો સાથે વાતચીત કરી હતી સાથે સાથે ઓટોગ્રાફ પણ આપ્યા હતા. વાલ્મિકીનગરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પ્રિય ભજન વૈષણવ જન ચાલી રહ્યું હતુ. મોદીએ મંદિરમાં પહોંચ્યા બાદલ મહાત્મા ગાંધીના ફોટાઓ નિહાળ્યા હતા. મોદીએ અગાઉ ભૂતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની સમાધી વિજયઘાટ પહોંચીને તેમને અજંલિ આપી હતી. મોદીએ ઝાડુ પકડીને આની શરૂઆત કરવામાં આવ્યા બાદ હવે મોટા પાયે સાફ સફાઈ ઝુંબેશ શરૂ થઈ ગઈ છે. ઓફિસો અને જાહેર કાર્યક્રમોમાં પણ આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. તમામ સરકારી અને જાહેર ઓફિસોમાં વરિષ્ઠ અધિકારી



આશરે ૩૧ લાખ જેટલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ જુદા જુદા જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈને સાફ સફાઈ અભિયાનમાં સામેલ થઈ ચુક્યા છે. વધુમાં લાખો રાજ્ય સરકારના કર્મચારીઓ પણ વ્યાપક ઝુંબેશમાં ભાગ લઈ રહ્યા છે. બીજી ઓક્ટોબરને સ્વચ્છતા શપથ દિવસ તરીકે ઉજવવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. તમામ સરકારી સાફ સફાઈનું નેતૃત્વ કરતા નજરે પડ્યા હતા. આશરે ૩૦.૯૮ લાખ કેન્દ્ર સરકારના કર્મચારી આમા જોડાયા છે. દરેક કેન્દ્ર સરકારના વિભાગે તેના કર્મચારીઓને સાફ સફાઈ માટે શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૯ સુધી સ્વચ્છ ભારતના મહાત્મા ગાંધીના સ્વપ્નને પૂર્ણ કરવા સામૂહિક ઝુંબેશ ચલાવવામાં આવશે. વર્ષ ૨૦૧૯માં રાષ્ટ્રપિતાની જન્મજયંતિ ઉજવવામાં આવનાર છે. આને સફળ બનાવવા માટે વ્યાપક જાહેર જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૧ લાખ જેટલા કર્મચારીઓ આ ઝુંબેશમાં જોડાયા છે જેથી આ સૌથી મોટા અભિયાન તરીકે છે. સ્વચ્છ ભારત અભિયાનની આજે સવારે શરૂઆત થઈ હતી. ઓક્ટોબર ૨૦૧૯ સુધી સ્વચ્છ ભારતના મહત્વકાંક્ષી મિશનને પરિપૂર્ણ કરવા સરકારે કમરકસી લીધી છે. વડાપ્રધાન નરેન્દ્રમોદીના મહત્વકાક્ષી પ્રોજેક્ટ તરીકે આને ગણવામાં આવે છે. કેન્દ્ર સરકાર તેની મહત્વકાંક્ષી યોજનાના ભાગરુપે પાંચ વર્ષના ગાળામાં બે લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવાની યોજના ધરાવે છે. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલય દેશભરમાં સ્વચ્છતા માટે ૬૨૦૦૦ કરોડ ફાળવશે જ્યારે પીવાના પાણી અને સેનિટેશન મંત્રાલય દ્વારા એક લાખ ૩૪ હજાર કરોડ ખર્ચ કરશે. આ મોટાપાયે અભિયાનને લઈને ભારે ઉત્સુકતા પણ દેખાઈ રહી છે. સૌથી મહત્વપૂર્ણ બાબત રેલવેની સ્વચ્છતાને લઈને છે. રેલવે મંત્રાલય ૧૦ લાખ કર્મચારી ધરાવે છે.

**દેશના લોકોને નરેન્દ્ર મોદીએ શપથ લેવડાવી**

## બાપુનું સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાથે મળીને પરિપૂર્ણ કરાશે

નવી દિલ્હી ,તા. ૨

ગાંધી જયંતિના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે,




તેમનું સ્વચ્છ ભારત અભિયાન સંપૂર્ણપણે દેશભક્તિથી પ્રેરીત છે. આમાં કોઈપણ પ્રકારની રાજનીતિ નથી. તેમણે કહ્યું હતું કે, અભિયાનની સફળતા માટે જરૂરી છે કે, આને રાજનીતિના ચશ્મા સાથે જોવા ન આવે. મોદીએ દિલ્હીના રાજપથ ઉપર આયોજિત કાર્યક્રમમાં કહ્યું હતું કે, બાપુનું સ્વચ્છ ભારતનું સ્વપ્ર હજુ અધુરુ છે તમામ દેશવાસી મળીને બાપુના આ સવપ્રને પૂર્ણ કરીશું. આ અભિયાનને લઈને તેમની ટીકા થશે પરંતુ આને મને બિલકુલ ચિંતા નથી. દેશના લોકોને ડરવાની જરૂર નથી. આને સફળ બનાવવાની જરૂર છે. શૌચાલયોના અભાવની વાત કરતાં મોદીએ કહ્યું હતું કે, દેશમાં ૬૦ ટકાથી વધુ લોકો જાહેરમાં શૌચ માટે મજબુર છે. રાજપથ પર ઉપસ્થિત લોકોને મોદીએ સાફ-સફાઈ અને દેશ સેવાને લઈને શપથ અપાવી હતી. ગંદકીને દૂર કરીને ભારત માતાની સેવા સૌથી મહત્વપૂર્ણ બાબત છે. દર વર્ષે ૧૦૦ કલાક એટલે કે દર સપ્તાહમાં બે કલાક શ્રમદાન કરવા સ્વચ્છતાના આ સંકલ્પને પૂર્ણ કરવાની જરૂર છે. પોતાના પરિવાર, પોતાના મોહલ્લા અને પોતાની નોકરીના સ્થળથી આની શરૂઆત થશે દુનિયાના દેશમાં સ્વચ્છતા છે આના માટેનું કારણ એ છે કે ત્યાંના લોકો ગંદકી કરતા નથી અને ગંદકી કરવા દેતા પણ નથી. લોકોને ગંદકીથી દૂર રહેવા તેમણે અપીલ કરી હતી. નરેન્દ્ર મોદીએ અન્ય ઘણા મુદ્દા પર વાત કરી હતી. જેમાં અન્ય વિષયોને આવરી લેવાયા હતા.

## મહારાષ્ટ્ર-હરિયાણામાં મોદી ઝંઝાવતી પ્રચાર કરશે

નવી દિલ્હી,તા. ૨

લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્ર અને હરિયાણામાં આક્રમક ચૂંટણી પ્રચાર કરવા માટે કમર કસી ચુક્યા છે. મહારાષ્ટ્ર અને હરિયાણામાં ૧૫મી ઓક્ટોબરે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ભાજપ ફરીએકવાર મોદીને મુખ્ય ચહેરા તરીકે ૃજ કરવા તૈયાર છે. સ્ટાર પ્રચારકોની યાદી તૈયાર કરી લેવામાં આવી છે. ભાજપ દ્વારા જે યાદી તૈયાર કરવામીં આવી છે તેમાં મોદી સૌથી ઉપર છે. મોદી મહારાષ્ટ્ર અને હરિયાણામાં ૩૦તી વદુ રેલી જ કરનાર નથી બલ્કે પાર્ટી ચલો ચલે મોદી કે સાથ નામથી નવા સ્લોગનને પણ તૈયાર કરી ચુકી છે. મોદીની વધતી લોકપ્રિયતાને ધ્યાનમાં લઇને આ સ્લોગન તૈયાર કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. સ્થાનિક સ્તરે વધારે મજબુત નેતા નહી હોવાથી ભાજપે મોદી પર આધાર રાખવાનો નિર્ણય કર્યો છે. ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ મુપ્તાર અબ્બાસ નકવએ કહ્યું છે કે મોદી ચોથી ઓક્ટોબરના દિવસે પ્રચારની શરૂઆત કરશે. મોદી હરિયાણામાં કરનાલ ખાતે રેલી કરશે. જ્યારે મહારાષ્ટ્રમાં મુંબઇ. બીદ કોલ્હાપુર ખાતે રેલી કરશે.મોદી મહિનાની ચોથી અને ૧૩મી વચ્ચે દર રોજ પ્રચાર કરનાર છે. મોદીની હરિયાણામાં આઠથી ૧૦ રેલી છે. મહારાષ્ટ્રમાં મોદી ૨૨થી ૨૪ રેલી કરનાર છે.ભાજપે મુખ્યપ્રધાન પદના ઉમેદવારની જાહેરાત હજુ સુધી કરી નથી. ગોપિનાથ મુન્ડેના મોત બાદ મહારાષ્ટ્રમાં ભાજપને મોટો ફટકો પડયો છે. મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભા ચૂંટણી માટેનો તપ્તો તૈયાર થઇ ચુક્યો છે. ભાજપના સ્ટાર પ્રચારકોમાં ૫૪ લોકો સામેલ છે જેમાં હેમામાલિની, પરેશ રાવલ, વિનોદ ખન્નાનો પણ સમાવેશ થાય છે. અન્ય રાજકીય પક્ષો પણ પોતાના સ્ટાર પ્રચારકોની યાદી સોંપી ચુક્યા છે.

## સોનિયા અને રાહુલ ગાંધી આક્રમક પ્રચાર હાથ ધરશે

નવીદિલ્હી ,તા. ૨

મહારાષ્ટ્ર અને હરિયાણામાં આક્રમક બનેલા ભાજપનો સામનો કરવા કોંગ્રેસે પણ કમરકસી લીધી છે. કોંગ્રેસ તરફથી પણ સ્ટાર પ્રચારકો મેદાનમાં ઉતરનાર છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાત રેલી કરનાર છે. જેમાં હરિયાણામા ત્રણ અને મહારાષ્ટ્રમાં ચાર રેલીનો સમાવેશ થાય છે. રાહુલ ગાંધી ૧૩ રેલી કરનાર છે. જેમાં હરિયણામાં ચાર અને મહારાષ્ટ્રમાં નવ રેલીનો સમાવેશ થાય છે.કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે બન્ને રાજ્યોમાં કોંગ્રેસના ગેરશાસનથી મુક્તિનો મુખ્ય હેતુ છે. બંને રાજ્યોમાં ભ્રષ્ટાચારના મુદ્દાને મુખ્યરીતે રજૂ કરવા માટે તૈયારી કરવામાં આવી છે. કોંગ્રેસ તરફથી સ્ટાર પ્રચારકોમાં સોનિયા ગાંધી ઉપરાંત મનમોહનસિંહ, રાહુલ ગાંધી, કર્ણાટકના મુખ્યમંત્રી સીધારમૈયા, મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ ક્રિકેટર અઝહરુદ્દીન, અભિનેત્રી નગ્માનો સમાવેશ થાય છે. શિવસેના ૩૬ સ્ટાર પ્રચારકોને મેદાનમાં ઉતારશે જેમાં ઉદ્ધવ ઠાકરે અને તેમના પુત્ર આદિત્ય ઠાકરેનો સમાવેશ થાય છે.

## રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીની જન્મજયંતિની ઉજવણી થઈ

નવી દિલ્હી,તા. ૨

ભારતના રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીની ૧૪૫મી જન્મજયંતિના પ્રસંગે આજે જુદા જુદા કાર્યક્રમમોનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવામાં દેશનુ નેતૃત્વ કર્યું હતુ. નવી દિલ્હીમાં તેમના મેમોરિયલ ખાતે અન્ય જુદી જુદી પાર્ટીના નેતાઓ પણ પહોચ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી, ભૂતપૂર્વ વડાપ્રધાન



મનમોહનસિંહ, કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધી, લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજન, કેન્દ્રિય શહેરી વિકાસ પ્રધાન એમ. વેંકૈયા નાયડુ પણ પહોંચ્યા હતા. રાજઘાટ ખાતે સૌથી પહેલા પહોંચનારમાં નાયડુનો સમાવેશ થાય છે. ત્યારબાદ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પહોચ્યા હતા. તેમની સાતે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શિલા દિક્ષિત પણ હતા. મોદી પણ સવારે જ પહોંચી ગયા હતા. મોદી સવારે ૭.૪૦ વાગ્યાની આસપાસ પહોચ્યા હતા. જ્યાં તેમનુ વૈકેયા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ તેઓ સીધા સમાધી પર પહોંચ્યા હતા. મનમોહનસિંહ અને મોદી એકબીજાની નજીક રહ્યા હતા. મોદી અને મનમોહનસિંહ એકબીજાને હાથ જોડીને અભિવાદન કરતા નજરે પડ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સર્વધર્મ પ્રાર્થના સભાનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વૈષણવ જન તોની ધુન વગાડવામાં આવી હતી. ગાંધીને અજંલિ આપવા માટે મોટી સંખ્યામાં સ્કુલી બાળકો અને વિદેશી લોકો પણ પહોંચ્યા હતા.

**આજથી નવી પહેલની શરૂઆત થઇ જશે**

## મોદી આકાશવાણી મારફતે હવેથી લોકો સાથે વાત કરશે

નવી દિલ્હી,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકપછી એક નવી પહેલ કરી રહ્યા છે. હવે મોદીએ નિર્ણય કર્યો છે કે તેઓ દરેક પખવાડિયામાં રેડિયો મારફતે લોકો સાથે વાતચીત કરશે. તેમના આ નિર્ણયના લીધે આકાશવાણીની લોકપ્રિયતા વધે તેવી શક્યતા છે. આકાશવાણી મારફતે લોકો સાથે વાતચીત કરવાની શરૂઆત શુક્રવારે થશે. જ્યારે દેશમાં માસ કોમ્યુનિકેશનના સાધનોનો અભાવ હતો ત્યારે આકાશવાણી મારફતે જ લોકો સુધી તમામ માહિતી પહોંચતી હતી. અલબત્ત હવે પહેલા દુરદર્શન, ત્યારબાદ પ્રાઈવેટ ટીવી ચેનલ અને હવે પ્રાઈવેટ એફએમ રેડિયોના લીધે સરકારી રેડિયોની લોકપ્રિયતા ઘટી ગઈ છે. તેની હાલત કફોડી છે. નેતાઓ પણ ટીવી મારકફતે જ તેમની વાત રજૂ કરવાની ઈચ્છા રાખે છે. જ્યારે રેડિયો એન્ટરટેઈનમેન્ટના નામે લોકો ખાનગી એફએફ ચેનલો સાથે જોડાઈ ગયા છે. મોદી દ્વારા માત્ર આકાશવાણી મારપતે લોકો સાથે વાતચીત કરવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ સરકારી રેડિયો બ્રોડકાસ્ટર તરફ તમામ લોકોનુ ધ્યાન ખેંચાય તેવી શક્યતા છે. આકાશવાણી દ્વારા પણ આના માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આ ઘટનાક્રમથી વાકેફ રહેલા લોકોએ કહ્યું છે કે પીએમના સરકારી આવાસ સાત રેસકોર્સ રોડમાં આકાશવાણી સ્ટુડિયો બનાવવાની તૈયારી પૂર્ણ થવા આવી છે. આ એવી જ સુવિધા રહેશે જેવી અમેરિકામાં ઓવલ ઓફિસ ખાતે રાખવામાં આવી છે. ઓપ્ટિકલ ફાઈબર લાઈન બિછાવી દેવામાં આવી છે. આકાશવાણીની બ્રાન્ડ ઈમેજ નબળી થઈ છે પરંતુ હજુ પણ દેશમાં સૌથી વદારે તે એરિયાને કવર કરે છે. ઓલઈન્ડિયા રેડિયોનુ નેટવર્ક દેશના ૯૯.૨૦ ટકા વસ્તી સુધી છે. દેશના ૯૨.૬ ટકા વિસ્તારને તે કવર કરે છે. એઆઈઆરના ડિરેક્ટર જનરલ એફ સહરયારે કહ્યું કે, વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ પ્રજાસત્તાક દિવસ અથવા તો સ્વતંત્રતા દિવસે અથવા તો કોઈ હોનારતની સ્થિતિમાં રેડિયોનો ઉપયોગ કરે છે. આ વખતે મામલો જુદા પ્રકારનો છે. વડાપ્રધાન દર પખવાડિયે એક વખત આકાશવાણી મારફતે લોકો સાથે વાતચીત કરશે. દૂરદર્શન પણ યોગદાન આપશે.

## સમાચાર ઝલક

- બિહારમાં તારાચંડીમાં સાંસ્કૃતિક કલા પ્રધાન શ્રી વિનય બિહારીને જીવતા સળગાવી દેવાનો હીચકારો પ્રયાસ.
- ઈબોલા તાવને નાબુદ કરવા ભારત નાણાંકીય સહાય કરશે.
- ભારતની ૧૭ મુખ્ય ભાષામાં બાપુની આત્મકથા 'સત્યના પ્રયોગો' મળી શકશે.
- હવે ઈન્ટરનેટ માધ્મયથી ઘેર બેઠા પસ્તી વેચી શકાશે. વડોદરામાં સફળ થયો પ્રયોગ.
- રાજ્ય સરકારનો ક્રાંતિકારી નિર્ણય : સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ઉમેદવારના ઘરે શૌચાલયની સુવિધા ફરજિયાત હોવી જરુરી બનશે.
- રાજકીય પક્ષોએ તેમનું ભંડોળ બેંકમાં જમા કરાવવું પડશે. ચુંટણી પંચની માર્ગદર્શિકા.
- દક્ષિણ ગુજરાતની ખાંડ ફેક્ટરીઓને ૩ હજાર કરોડ ઈન્કમટેક્ષ ભરવા નોટિસો.
- કેન્સર સામે જંગ જીતી ફિલ્મ અભિનેત્રી મનીષા કોઈરાલા ફરીથી ફિલ્મમાં ચમકશે.
- રાજ્યમાં શાંતિ બગાડવાનું ષડયંત્ર, ગુપ્તચર વિભાગનો અહેવાલ.
- એલિસ બ્રીજમાં દારૂડીયાએ સબ ઈન્સ્પેકટર પોલીસ પર કરેલો હુમલો - ગુનેગાર ઝબ્બે કરાયો.
- બેંક ગ્રાહકોએ કે.વાય.સી. પ્રક્રિયા પુરી નહિ કરી હોય તેમને નોટીસ મળશે.
- લડાખમાં ચીની સૈનિકો પાછા ફરતાં તંગદિલી ઓછી બની.
- વેરાવળમાં ગેસ ગળતણથી ૩૯ કામદારોને અસર.
- આનંદો વીજ દર ઘટશે. કેન્દ્ર-ગુજરાત વચ્ચે કરાર થશે.
- શેરબજારમાં પાંચ દિવસના મીની વેકેશન સાથે નિરસત્વ.

### અભ્યાસ લેખ (પાના નં. ૪ નું ચાલુ)

શ્રી ત્રિલોક દેસાઇ કવિ રચિત, કલા મંડળ, ભરૂચ નાટક (૧૯૪૯) માં 'સાલ મૂબારક' માં નીચેનું દેશભક્તિ ગીત રજૂ કરી પ્રેક્ષકોમાં દેશપ્રેમ જગાવે છે.

'દેશભક્તિ ગીત'
સ્વતંત્રતાનો ડંકો બજ્યો, યુદ્ધમાં ઝુકાવીશું,
ત્યાગી ઊંઘ, શ્રેષ્ઠ હિંદ વિશ્વમાં બનાવશું
કપટ કુશળ બ્રિટીશ રાજયને હવે નમાવશું
સ્વતંત્રતા સહી
સંકટો સહી
અધર્મ રાજ કાઢી આજે, ગાંધીજીને જીતાડશું
વિમળ પુનિત જનની ભારત માતાને ઉદ્ધારશું

તો 'વંદે માતરમ્' ગીતમાં ગાંધીજીની વિચારધારા 'સાલ મુબારક' નાટકમાં રજૂ થઇ છે.

'દેશભક્તિ ગીત'
પ્રત્યેક હિંદી વીરનો પોકાર 'વંદે માતરમ્...!
રાષ્ટ્રપ્રેમી હૃદયનો ઉદ્‌ગાર 'વંદે માતરમ્...!
દાંડી કેરા યુદ્ધ ક્ષેત્રે યુદ્ધનાં આરંભમાં -
ગાંધીના ગાંડીવનો ટંકાર 'વંદે માતરમ્ ..!'
સ્વાતંત્ર્યની વેદી પરે બલિદાન દેના શહીદની
ભસ્મમાંથી ભભૂકતો અંગાર 'વંદે માતરમ્...!'
સત્ યુગથી પણ શ્રેષ્ઠ યુગમાં - મોક્ષ ચાહો તો રહો!
સૌ મંત્રના પણ મંત્રનો શણગાર 'વંદે માતરમ્..!'

ઇ.સ. ૧૯૨૮ માં શ્રી ગજેન્દ્રશંકર કૃત 'કાશ્મીરનું પ્રભાત' નામનું નાટક ભજવ્યું. જયશંકર સુંદરીએ અને કલાકારોએ એ સમયે પરદેશીઓ સામેની ગાંધીજીની ચળવળ પુરજોશમાં ચાલતી હતી. એમના અભિપ્રાયોનો પડઘો આખી દુનિયા ઉપર પડતો હતો અને હિંદુસ્તાનમાં તો ગાંધીજીના લેખો અને એમના પ્રત્યેક શબ્દની લોકમાનસ ઉપર તીવ્ર અસર થતી ત્યારે ગાંધીજીની ચળવળના એક ભાગરૂપ લાગતું હતું. અંગ્રેજોની ક્રૂરતાના અનેક પ્રયોગોનું અને 'જલિયાનવાલા બાગ'ની કતલનું સ્મરણ થઇ આવતું પરિણામે અંગ્રેજો પ્રત્યે લોકોનો ગુસ્સો વધી જતો. આથી ખૂબ રસપૂર્વક પ્રેક્ષકો આવા નાટકની મજા માણતા, તેવું 'થોડા આંસુ થોડા ફૂલ' જયશંકર સુંદરીની આત્મકથા પુસ્તક પાન. ૨૪૮-૨૪૯ પર નોંધાયું છે. 'કાશ્મીરનું પ્રભાત' નાટકમાં કુલ ૨૨ ગીતો છે.

ગાંધી જયંતિ દિને આ લેખ શ્રદ્ધાંજલિ સ્વરૂપે એક બૂંદ સમાન છે. બાકી પુસ્તક છપાય તેટલી ચિત્રનો પ્રાચ્ય છે. અસ્તુ.

## તત્કાલ ટિકિટ મોંઘી : પ્રિમિયમ ચાર્જ લાગૂ કરવા નિર્ણય

નવીદિલ્હી, તા.૨

પહેલાથી જ તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને રેલવેએ પણ હવે મોટો ફટકો આપી દીધો છે. તાજેતરમાં જ રેલવે યાત્રી ભાડામાં તીવ્ર વધારો કરવામાં આવ્યો હતો. હવે તત્કાલ ટિકિટ પણ વધુ મોંઘુ કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. પ્રિમિયમ ચાર્જ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ રેલવે દ્વારા પહેલી ઓક્ટોબરથી જ તત્કાલ ક્વોટાની ૫૦ ટકા ટિકિટો ઉપર પ્રિમિયમ ચાર્જ લગાવી દેવામાં આવ્યો છે. આને લઈને તત્કાલ ટિકિટ ભાડામાં વધારો થશે. આ યોજના હેઠળ તત્કાલ ક્વોટાની ૫૦ ટકા ટિકિટો ઉપર સામાન્ય ભાડુ લેવામાં આવશે. બાકી ટિકિટ વધેલા દરો ઉપર વેચવામાં આવશે. ૫૦ ટકા બાદ આવનાર ૧૦ ટકા સિટ પર ૨૦ ટકા વધેલા ભાડા લેવામાં આવશે. આજ રીતે આગળની ટિકિટો ઉપર પણ પ્રિમિયમ ચાર્જ લગાવવામાં આવશે. આ ૫૦ ટકા ટિકિટોને પ્રિમિયમ તત્કાલ ટિકિટ નામથી ઓળખવામાં આવશે. રેલવે દ્વારા હાલમાં યાત્રી ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં ટ્રેન સેવા વધારે કરતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

રેલવે દ્વારા હાલમાં જ યાત્રી ભાડામાં કમરતોડ વધારો કરવામાં આવ્યો હતો જેને લઈને દેશભરમાં વિરોધ થયો હતો. નવી સરકાર આવ્યા બાદ આ વધારાના કારણે કેટલાક લોકો નારાજ પણ થયા હતા. હવે ફરીવાર આ વધારાથી લોકો નારાજ થાય તેવી વકી છે. જો કે, સરકારનું કહેવું છે કે, યાત્રી સુવિધા વધારવા માટે કેટલાક પગલા જરૂરી બન્યા છે.




### ચક દે ઈન્ડિયા

ગ્લાસગોમાં રમાઈ રહેલ એશિયન ગેઈમ્સની હોકી ફાઈનલમાં આજે ભારતે તેના પરંપરાગત પ્રતિસ્પર્ધક પાકિસ્તાનને શુટઆઉટમાં પરાજય આપી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આ ગોલ્ડ મેડલ મળવાની સાથે ભારત ઓલમ્પિક ૨૦૧૬ માટે પણ કવોલીફાય થયું છે. ૧૬ વર્ષ પછી ભારતે એશિયાડ ગેમ્સમાં હોકીમાં ગોલ્ડ મેડલ મેળવી ભારતની ગોલ્ડની ભૂખ કેટલી તીવ્ર છે તે બતાવ્યું હતું. ભારતીય હોકી ટીમે આજે મેદાનમાં અદભૂત ફૂટવર્ક અને ટીમવર્કનું પ્રદર્શન કરી સૌ રમત ચાહકોના દિલ જીતી લીધાં હતાં.